ચાતુર્માસ : સાબરકાંઠા, અરવલ્લી ૪૦૦ માણસની છૂટથી પ્રજામાં કચવાટ

જિલ્લામાં ફરી કોરોનાના કેસ નોંધાયા, લગ્નના યજમાનોની ચિંતા વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

રાજ્ય સરકારે જાહેર કાર્યક્રમમાં હવે ૪૦૦ માણસની છૂટ આપી છે. જિલ્લામાં ગત મંગળવારથી ચાતુર્માસનો પ્રારંભ થયો છે જેથી માંગલિક પ્રસંગો ઉપર બ્રેક વાગી છે. અગાઉ ઓછા માણસોની હાજરીમાં પ્રસંગ આટોપનારા અનેક લોકોમાં કચવાટ જોવા મળ્યો. છૂટછાટમાં વધારો થયો છે તે સમયે જિલ્લામાં ફરી કોરોનાના કેસ નોંધાતાં આગામી નવેમ્બર-ડિસેમ્બરમાં લગ્નના આયોજન કર્યા છે તેવા યજમાનોની ચિંતા વધી છે.

કોરોનાનું સંક્રમણ કાબુમાં હોય કે બેકાબુમાં હોય પરંતુ જેમને વધુ લોકોને આમંત્રિત કરવાના હોય છે તે કોઈને કોઈ કીમીયા ઘડીને લોકોને બોલાવી અને જમાડીને રવાના કરી દે છે. દંડાય છે માત્ર ગરીબ અને કેટલાક મધ્યમ વર્ગીય પરિવારો. જિલ્લામાં થયેલા અનેક શુભ અને માંગલિક પ્રસંગોમાં ૨૦૦ ના બદલે વધુ લોકોની હાજરી નજર અંદાજ કરી શકાય તેમ નથી. પોલીસ અને સ્થાનિક તંત્ર લોકોનો રોષ ન ભભૂકે અને કેટલાક કિસ્સાઓમાં બે આંખની શરમ પણ રાખી હતી. જ્યાં પોલીસે કાયદો બતાવવાનો પ્રયાસ કર્યો તેવા વિસ્તારોમાં પોલીસ ઉપર હુમલાની ઘટનાઓ મેઘરજ તાલુકામાં નોંધાઈ. સરકર દ્વારા તા.૩૧ જુલાઈથી કોરોના દરમ્યાન મૂકવામાં આવેલા પ્રતિબંધમાં છૂટછાટમાં વધારો કર્યો છે જે મુજબ જાહેર કાર્યક્રમમાં હવે ૨૦૦ના બદલે ૪૦૦ લોકોને બોલાવવાની છૂટ આપવામાં આવી છે. જિલ્લામાં ચાતુર્માસ નિમિત્તે યોજાતી કથાઓમાં હવે વધુ ભક્તો સામેલ થઈ શકશે. અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કોઈ પોઝિટિવ કેસ નોંધાયો નથી પરંતુ ગત રોજ સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો ૧ પોઝિટિવ કેસ નોંધાયો છે. જ્યારે ખાનગી હોસ્પિટલોમાં કોરોનાએ ફરી દેખાડો દીધાનું ચિત્ર સામે આવ્યું છે.

પ્રા.શિક્ષકોમાં આગોતરી ખુશાલી

૨૫૦૦ શાળા : જિલ્લાની પ્રા.શાળાઓમાં બાળકોનો કલરવ સાંભળવાની ઘડી નજીકમાં

ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં ધો.૬ થી ૮ના વર્ગો શરૂ થવાની હલચલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

અનલૉક પછી હવે શૈક્ષણિક સંકુલો ખોલવામાં સરકાર દ્વારા છૂટછાટ અપાતાં શિક્ષણધામમાં જીવંતતા દેખાઈ રહી છે. જિલ્લાની પ્રા. શાળાઓમાં બાળકોના કલરવ સાંભળવાની ઘડી નજીકમાં છે. જાણવા મળ્યા મુજબ રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા આગામી ઑગષ્ટના પ્રથમ સપ્તાહમાં ધો.૬ થી ૮ ના વર્ગો ૫૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી સાથે ખોલવાની વિચારણામાં છે અને આ અંગે અંદરખાને હીલચાલ શરૂ થઈ છે. છેલ્લા ૧૬ મહિનાથી બાળકો વગરની શાળામાં પ્રા.શિક્ષકો ખુશ જણાતા નથી પરંતુ શાળાઓ ખોલવાની હલચલની વિગતો બહાર આવતાં પ્રા.શિક્ષકોમાં આગોતરી ખુશાલી જોવા મળી છે.

રાજ્યમાં શિક્ષણ હવે કોરોના પછી પાટે ચઢી રહ્યું છે. ધો.૯ થી ૧૨માં એસ.ઓ.પી. આધારે શિક્ષણકાર્ય શરૂ થયું. સળંગ ૧૬ મહિના સુધી વિદ્યાર્થીઓ શાળામાં આવ્યા નહીં અને તેના કારણે તેમનામાં અનેક પ્રકારની શિક્ષણક્ષેત્રની નબળાઈઓ જોવા મળી. અનેક વિદ્યાર્થીઓ લખવાનું જ ભૂલી ગયા છે. કેટલાક સતત મોબાઈલના ઉપયોગથી ચીડીયા બની ગયા છે અનેક વિદ્યાર્થીઓના પરિવારમાં વાતાવરણ કલહરૂપ બન્યું પરંતુ હવે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયા પછી વિદ્યાર્થી-વાલીઓ અને શાળાઓના આચાર્યો, સ્ટાફ ખુશ જણાય છે. પ્રથમ એક પખવાડીયામાં શાળાઓ ખૂલ્યા પછી કોઈપણ વિદ્યાર્થી ધો.૧૨ માં સંક્રમિત થયું હોય તેવી જાણકારી સામે આવી નથી. ત્યાર પછી ધો.૯ થી ૧૧ માં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું અને હવે ધો.૬ થી ૮ ના વર્ગો શરૂ કરવાની હીલચાલ શરૂ થઈ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૪૯૨ સરકારી પ્રા.શાળા અને ૨૧૯ ખાનગી પ્રા.શાળાઓમાં ધો.૬ થી ૮ નું શિક્ષણકાર્ય શરૂ થાય તેની બહુમત વાલીઓ રાહ જોઈને બેઠા છે. પ્રાથમિક શાળાઓમાં ઓનલાઈન શિક્ષણ શરૂ થશે તો તેમાં વાલીઓની સંમતિ પણ ફરજીયાત બનાવવામાં આવી છે.

ભિલોડા સંકલિત બાળ વિકાસ યોજનાની કચેરીના C.D.P.O.નો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા,તા.૨૯

ભિલોડા સંકલિત બાળ વિકાસ યોજનાની કચેરીના C.D.P.O. નો વિદાય સમારંભ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિરના હોલમાં ઉત્સાહભેર યોજાયો હતો.સંકલિત બાળ વિકાસ યોજનાની કચેરીના C.D.P.O. ઈન્દુબેન નિનામા વય નિવૃત્ત થયેલ હોય તેઓનો વિદાય સમારંભ દબદબાભેર રીતે યોજાયો હતો.ઈન્દુબેન નિનામાએ ૩૩ વર્ષ સુધી સરકારી નોકરી પરીપુર્ણ કરતાં તેઓને સૌ-કોઈ રાજકીય, સામાજીક આગેવાનોએ તેઓની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવી હતી. વય નિવૃત્ત કર્મચારીને શાલ ઓઢાડી,

મોમેન્ટો આપીને વિશેષ સન્માન કરાયું હતું.

અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ રાજેશભાઈ નિનામા, મનોજભાઈ પટેલ, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતીલાલ પટેલ,ભિલોડા ગ્રામ પંચાયત ડે. સરપંચ ભીખાભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ રામઅવતાર શર્મા, જગદીશભાઈ પટેલ, યોગેશભાઈ બુધ્ધ,ભવાનભાઈ ઠાકોર, એન.કે.કલાસવા, મુકેશભાઈ પંચાલ,જીતુસિંહ રાઠોડ, ત્રણેય ઘટકના C.D.P.O. હેમલત્તાબેન સોની,કર્મચારીઓ સહિત પરીવારજનો,સગાં-સબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજમાં નગરપાલિકા દ્વારા નાખવામા આવતો કચરો દૂર કરવા પૂર્વ ધારાસભ્યની લેખિતમાં રજુઆત

પ્રાંત અધિકારીને લેખીતમાં રજુઆત કરી : આંગણવાડી અને ભાંખરીયા તળાવમાં નાખવામા આવતો કચરો દુર કરવા રજુઆતઃ અમીનપુર રોડ ઉપરથી પ્રસાર થતા દુર્ગંધને લઈને લોકોના નાકના ટેરવા પણ ચડી જાય

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય દ્વારા ભાંખરીયા તળાવ અને આંગણવાડી પાસે નાખવામા આવતો કચરો દૂર કરવા માટે પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારીને લેખિતમાં રજુઆત કરી.

પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા પ્રાંતિજ ભાંખરીયા તળાવ અને અમીનપુર જવાના રોડ ઉપર આવેલ આંગણવાડી ગોપીનાથ સોસાયટી પાસે રહેણાંક વિસ્તાર પાસે પ્રાંતિજ ગામમાંથી ભેગો કરવામા આવેલ ગંદકચરો નાખવામા આવતા દુર્ગંધ મારે છે તો ભાંખરીયા તળાવ મા નાખવામા આવતા તળાવનુ પાણી દુષિત થવાની શકયતા છે અને તળાવ મા કચરો ઠલવાતા તળાવ પુરાતુ જાય છે તો તળાવ પુરાતા તળાવમાં પાણીનો સંગ્રહ પણ ઓછો થશે તો હાલતો તળાવ અને અમીનપુર રોડ ઉપર પ્રાંતિજ ગામમાથી ગામમાંથી ઉઠાવેલો ગંધ કચરો આ બન્ને જગ્યાએ ઠલવવામા આવતા અહીંથી પ્રસાર થતા લોકો ને દુર્ગંધ મારતા નાક ના ટેકવા પડ ચડી જાય છે ત્યારે પ્રાંતિજ-તલોદ કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા બન્ને જગ્યાએ ઠલવવામા આવતો કચરો દુર કરવા આ અંગે ની લેખીત માં પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા ને રજુઆત કરવામા આવી છે.

ડીસા ખાતે તલાટી કમમંત્રી મંડળની બેઠક યોજાઈઃ નવા પ્રમુખ અલ્કેશગીરી ગોસ્વામીની બિનહરીફ વરણી

ડીસા, તા. ૨૯

ડીસા તાલુકા પંચાયત કચેરી હોલ ખાતે આજરોજ તલાટી કમ મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં ડીસા તાલુકાની ગામ પંચાયતોમાં ફરજ બજાવતા તમામ તલાટી કમમંત્રી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રમુખ તરીકે વરણ ગામ પંચાયતના તલાટી કમ મંત્રી અલ્કેશગિરી ગોસ્વામીની પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી.નવા પ્રમુખની વરણી થતાં ની સાથે તલાટી કમ મંત્રી મંડળના તમામ સભ્યોએ નવા પ્રમુખને આવકાર્યા હતા અને ઉત્તરોતર પ્રગતિ કરો તેવી શુભકામનાઓ પાઠવી હતી સાથે સાથે તલાટી કમ મંત્રી મંડળના નવા પ્રમુખ અલ્કેશગીરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે મારા ઉપર ડીસા તાલુકાના તમામ તલાટી કમ મંત્રીના સભ્યો દ્વારા જે વિશ્વાસ મૂકવામાં આવ્યો છે તે વિશ્વાસને હું ટકાવી રાખીશ અને તમામ તલાટી કમ મંત્રીઓને પડતી મુશ્કેલીઓની સરકારમાં રજૂઆત કરી અને તમામ સમસ્યાઓ દૂર કરવાના પ્રયાસો કરવામાં આવશે અને ટુંક સમયમાં નવા ઉપપ્રમુખ અને વિવિધ સમિતિઓની રચના પણ કરવામાં આવશે.તેમ ઉમેર્યું હતું.

પ્રાંતિજના પોગલુ ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ભારતીય માનક બ્યુરો અમદાવાદ અને ગ્રાહકહિત સુરક્ષા મંડળ ઉપક્રમે કાર્યક્રમ યોજાયોઃ અમદાવાદ ના ડેપ્યુટી ડાયરેકટર આશુતોષ શુકલા ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડયું

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં પોગલુ ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ શ્રી વારાહી શક્તિપીઠ મંદિર ખાતે ભારતીય માનક બ્યુરો અમદાવાદના સહયોગથી અને ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજના ઉપક્રમે કાર્યક્રમ યોજાયો હતો જેમાં માનક બ્યુરો અમદાવાદના ડેપ્યુટી ડાયરેકટર આશુતોષ શુકલા હાજર રહીને હોલમાર્ક અને ISI માર્કો શું છે તે માર્કાવાળી જ વસ્તુઓ શા માટે ખરીદવી તથા હોલમાર્ક એ ગુણવતાનુ પ્રતિક છે સોનાના ઘરેણા હોય હોલ માર્કીંગ વાળા જ ખરીદવા જોઈએ અને સોનાની સાચી પરખ સહિત નુ વિષેનું વિસ્તુત માર્ગદર્શન પુરૂ પાડયું હતું તો આ પ્રસંગે મંદિર ના મહંત સુનીલદાસજી મહારાજ, સરપંચ રમીલાબેન શામળભાઇ પટેલ, ડેપ્યુટી સરપંચ ભરતસિંહ મકવાણા સહિતના આગેવાનો ગ્રામજનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતાં તો ગ્રાહક હિત સુરક્ષા મંડળ ની કામગીરી વિશે અને ગ્રાહક સુરક્ષા કાયદાની વિસ્તૃત માહિતી પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા આપવામાં આવી હતી તો સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મિલનભાઇ કડિયા , મુકેશભાઈ ભટ્ટ તથા સંદિપભાઇ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

અરવલ્લીમાં રાડ પડાવનાર ગુનેગારને પાસા હેઠળ સુરતની લાજપોર જેલમાં ધકેલ્યો

ધાડ, લૂંટ, ચોરી સહિત ૧૮ ગુના પોલીસ સ્ટેશનમાં નોંધાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

અરવલ્લી પોલીસે ધાડ, લૂંટ, ચોરી, ગેરકાયદે હથિયાર રાખવા અને દારૂ હેરાફેરીના ૧૮ ગુનામાં જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં સંડોવાયેલા ગુનેગાર નૈનેષ ઉર્ફે પપ્પુ મોડીયા (રહે. દધાલિયા (તખતપુરા), તા. મોડાસા)ની અટક કરી સુરતની લાજપોર જેલમાં પાસા હેઠળ ધકેલવામાં આવતાં પોલીસે રાહતનો દમ લીધો છે. છેલ્લા કેટલાય વર્ષોથી રીઢા ગુનેગારે અરવલ્લી-સાબરકાંઠા પોલીસની ઉંઘ હરામ કરી હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર મોડાસા રૂરલ, શામળાજી, મોડાસા ટાઉન, મેઘરજ, ભિલોડા અને ઈસરી પોલીસ સ્ટેશનની હદમાં મહિલાઓના ગળામાંથી સોનાના દાગીના, દારૂનો વેપલો, લૂંટ સહિતના અનેક ગુનાઓમાં નૈનેષ ઉર્ફે પપ્પુ ઉર્ફે ચાઈના ઉર્ફે સર્કીટ ચીમનભાઈ ઉર્ફે સીમાજી મોડીયા સંડોવાયેલો હતો. તેના ગુનાહીત ઈતિહાસને ધ્યાને રાખી તેની સામે પાસા દરખાસ્ત કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરે પાસા દરખાસ્તને મંજૂર કરતાં અરવલ્લી એલ.સી.બી.એ રીઢા ગુનેગારને પાસા હેઠળ અટકાયત કરી સુરતની લાજપોર જેલમાં મોકલી આપ્યો છે.

શામળાજી-ભિલોડા-ઈડર-વિજયનગર વિસ્તારમાં એસ.ટી. બસો શરૂ કરવા સંદર્ભે

ભિલોડા જીલ્લા પંચાયત સદસ્યએ જીલ્લા કલેક્ટરને લેખિતમાં પત્ર પાઠવ્યો

ભિલોડા, તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતેથી જીલ્લા મથક મોડાસા અવર-જવર કરતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.વિદ્યાર્થીઓ અને મહિલાઓ સલામતી ક્યાંય દેખાતી નથી તેમ રોજીંદા મુસાફરોએ જણાવ્યું હતું.એસ.ટી. વિભાગ દ્વારા શામળાજી-ભિલોડા - ઈડર- વિજયનગર સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી નવિન એસ.ટી. બસોના વિવિધ રૂટો શરૂ કરવા સંદર્ભે અરવલ્લી જીલ્લા પંચાયત બેઠકના સદસ્યએ જીલ્લા કલેક્ટરને લેખિતમાં પત્ર પાઠવી ન્યાયિક રજુઆત કરાઈ છે. અરવલ્લી જીલ્લા પંચાયત,સદસ્ય ઈન્દુબેન ભાવિનભાઈ તબીયારએ જણાવ્યું હતું કે અરવલ્લી જીલ્લાનું મુખ્ય મથક મોડાસા છે જ્યારે જે-તે વખતે સાબરકાંઠા જીલ્લાનું મુખ્ય મથક હિંમતનગર હતું ત્યારે મોડાસાથી ઉપડતી એસ.ટી. બસો હિંમતનગર થઈને જતી હતી.હાલના તબક્કે પણ પણ એસ.ટી. બસો જાય છે. ભિલોડા તાલુકા સહિત આજુ-બાજુના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અરજદારો, કોર્ટ-કચેરી, વિદ્યાર્થીઓ સહિત રોજીંદા મુસાફરોને મોડાસા જીલ્લા મથક હોઈ અવર-જવર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

અંબાજી-પાલનપુર-ડીસા-પાટણ સહિત એસ.ટી. બસો વાયા શામળાજી-ભિલોડા-વિજયનગર થઈને જાય તો ભિલોડા-શામળાજી વિસ્તારને તેમજ શામળાજી દર્શનાર્થે આવતા દર્શનાર્થીઓ અને રાજસ્થાન રાજ્યની સરહદને જોડતો વિસ્તાર હોય મુસાફરોને અવર-જવર કરવામાં સઘવડતા મળી શકે તેમ છે.મુસાફરોની સમસ્યા હલ કરવા સંદર્ભે જીલ્લા કલેક્ટરને લેખિતમાં પત્ર પાઠવી ન્યાયિક રજુઆત કરાઈ છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વ્યાજખોરોના આતંક સામે તપાસમાં ઢીલી નીતિ...!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

કોરોના પછી અનેક વેપારીઓ અને પરિવારોની હાલત કફોડી બની ગઈ છે. જિલ્લામાં વ્યાજખોરોનો આતંક વધ્યો છે પરંતુ પોલીસ આવી ફરિયાદો માત્ર પોતાના લાભ માટે અરજી ઉપર આગળ વધારી રહી છે. કેટલાક કિસ્સાઓમાં પૈસા ઉછીના લીધા પછી ઉઘરાણી થાય તો તગડું વ્યાજ ચૂકવ્યું છે અને ખોટી રીતે વધુ વ્યાજ વસુલે છે, પઠાણી ઉઘરાણી કરે છે તેવી ફરિયાદો ઉભી કરી પૈસા નહીં આપવાનો કારસો પોલીસની ભાગીદારીથી ચાલતા હોવાના આક્ષેપ અનેક વિસ્તારોમાંથી સામે આવે છે.

પોલીસ અને વ્યાજખોરોની જુગલબંધી હવે બુટલેગરો કરતાં પણ વધી રહી છે. શરૂઆતમાં ગરજ હોય એટલે પૈસા ઉછીના લેવાના પછી કોઈ કામધંધો કરવો નહીં અને ઉંચા વ્યાજે પૈસા લાવી આખું ગામ ઈર્ષા કરે તે રીતે જલસા કરવાના અને ત્યાર પછી શરૂ થાય છે ઉઘરાણી અને તેમાં ઉમેરાય છે વ્યાજખોરોનો ત્રાસ..એવો શબ્દ. જિલ્લાના મોટાભાગના શહેરી વિસ્તારોમાં વ્યાજખોરોના ત્રાસની સાચી-ખોટી ફરિયાદો અરજીના રૂપમાં પહોંચે છે. પોલીસ આવા વ્યાજે આપનારા લોકોને એકાંતમાં બોલાવે છે તમારી સામે ફરિયાદ છે, નિવેદન આપો, તમે ફીટ થઈ જશો..તેવી કાયદાની ભાષામાં ડરામણી ધમકી આપી પૈસા ખંખેરવાનો ખેલ ખાખી વર્દીએ શરૂ કર્યો છે. જિલ્લામાં વ્યાજખોરો સામે જે કોઈ ફરિયાદ છે તેની તપાસ જિલ્લા પોલીસ વડાએ સંભાળવી જોઈએ જેથી તેમાં ખોટું થવાની સંભાવના બહુ ઓછી હોય છે. પાછલા ૬ મહિનામાં વ્યાજખોરો વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં થયેલી ફરિયાદમાં શું બહાર આવ્યું, નિવેદનો પછી પોલીસને શું પ્રેમ ઉભરાયો કે મોટાભાગના કેસ સમેટી લીધા. છેલ્લા ૨-૩ વર્ષથી અનેક લોકોએ ઉંચા વ્યાજે પૈસા લેવા અને ઉઘરાણી વધારે પડતી થાય તો દવા, ફીનાઈલ, કેરોસીન પીવાનો ઢાંગ કરી હોસ્પિટલમાં દાખલ થઈ જવાનું અને અગાઉથી જ પોલીસ સાથે કરેલી ગોઠવણ મુજબ અરજી આપી અમારે પૈસા લેવાના નિકળતા નથી તેવા નિવેદનો લઈ ઉછીના લેનારો ખુશ અને પોલીસ પણ ખુશ..જેવી રમત શરૂ થઈ છે.

કેટલાક કિસ્સાઓમાં પૈસા ઉછીના લઈ નહીં આપવાના કારસામાં પોલીસની ભાગીદારી..!!

જન્મદિને વધામણી

રાજેશભાઈ એચ. પટેલ
(પૂર્વ ચેરમેન : ડેમાઈ દૂધ મંડળી)
ડેમાઈ, તા.બાયડ



ઈશાક મનસૂરી
ચોઈલા, તા.બાયડ

નિમેષ શંકરભાઈ પટેલ
(વ્રજભૂમિ સોસાયટી)
બાયડ (નવીશિણોલ)

નિત્તુલ પટેલ, પત્રકાર
વડાલી, જિ.સાબરકાંઠા

હસમુખભાઈ ધીરૂભાઈ પટેલ
(વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

તરંગ સી. પટેલ
(ક્લાર્ક : ડેમાઈ નાગરિક બેન્ક)
ડેમાઈ, તા.બાયડ